


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

50 ANNIVERSARY



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૧ | જુલાઈ - ૨૦૨૩ | પત્ર - ૧૧૯


## 'પ્રભુની સમક્ષતા' નિર્ગમન ૩૩:૧૫

દેવે મૂસાને જે કામ સોંપ્યુ હતું એ તો ઈસ્રાએલી પ્રજાને કનાનમાં લઈ જવાનું હતું. આ કામ માટે મૂસા દેવને વિનંતી કરે છે કે જો તમારી સમક્ષતા સાથે ન આવે તો અમને અહીંથી લઈ જશો નહિ. મૂસાને સોંપાયેલા આ મોટા કામમાં દેવની હાજરી સાથે રહે એ મૂસા માટે ખૂબ જ મહત્વનું હતું. મૂસા એક બાબત સ્પષ્ટ સમજે છે કે દેવની હાજરી, દોરવણી અને સામર્થ્ય દ્વારા આ કાર્ય થઈ શકશે. મૂસા દેવના હાથમાં એક સાધન તરીકે છે. દેવ જે કામ કરવા માગે છે તે મૂસા મારફતે કરવા માગે છે. આ વાત મૂસા સ્વીકારે છે. પાઉલ પ્રેરિત પોતે પણ પોતાના સર્વ કાર્યમાં દેવનું સામર્થ્ય સ્વીકારતાં કહે છે કે જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું. ફિલિપ્પી ૪:૧૩. દેવની સમક્ષતા આપણી સાથે રહેવાથી દેવના સામર્થ્યથી સર્વ કાર્ય થઈ શકે છે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઘણા બનાવોમાં આપણે જોઈએ છીએ કે દેવની સમક્ષતાની ગેરહાજરીથી નિષ્ફળતા અને પરાજયનો અનુભવ છે. જ્યારે ઈસ્રાએલી પ્રજા અથવા પ્રજામાંની કોઈ વ્યક્તિ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ત્યારે દુશ્મનો તેઓ ઉપર વિજય મેળવે છે. આમ, મૂસા જાણે છે કે દેવની સમક્ષતા સફળતા અને વિજય અપાવશે.

દેવે મૂસાને કહ્યું હતું કે હું નિશ્ચે તારી સાથે હોઈશ. નિર્ગમન ૩:૧૨. માર્ગમાં મેઘસ્તંભ અને અગ્નિસ્તંભની વ્યવસ્થા પણ જોવામાં આવે છે. નિર્ગમન ૧૩:૨૧. આ રીતે દેવે મૂસાને કહ્યું હતું છતાં પણ મૂસા દેવને કહે છે કે તેમારી સમક્ષતા મારી સાથે ના આવે તો અમને અહીંથી લઈ જશો નહિ.

● દેવની સમક્ષતામાં કઈ બાબતો બને છે?

દેવની હાજરીમાં પરાક્રમ નિહાળી શકાય છે. તેમના સામર્થ્યને નિહાળી શકાય છે. મૂસા દેવના પરાક્રમ અને સામર્થ્યને નિહાળે છે અને અનુભવે છે. દાઉદ ભક્ત પોતાના જીવનના સર્વ સમયોમાં દેવના સામર્થ્યના અનુભવમાં જણાવે છે કે યહોવા મારા જીવનનું સામર્થ્ય છે મને કોનું ભય લાગે? ગી.શા. ૨૭;૧ દેવની સમક્ષતા બચાવનાર છે. ગી.શા. ૯૧:૨.

દેવની સમક્ષતા એ સલામતી અહેસાસ કરાવે છે અને સલામત પણ રાખે છે. પુનર્નિયમ ૩૩:૧૨ જણાવે છે કે યહોવાના વ્હાલાં સલામત રહેશે. પુનર્નિયમ ૩૨;૧૦ જણાવે છે કે આંખની કીકીની પેઠે સંભાળે છે. નીતિવચન ૨૯:૨૫ જણાવે છે કે જે કોઈ યહોવા પર ભરોસો રાખે છે તે સલામત રહેશે.

દેવની સમક્ષતા સાથે રહેવાથી તેમણે સોંપેલા કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય છે. દેવે યહોશુઆને કહ્યું હતું કે તું ફતેહ પામશે.

દેવની સમક્ષતા આપણની સાથે રહેવાથી સામર્થ્ય, સલામતી અને સફળતા જોઈ શકાય છે. માટે મૂસા દેવને વિનંતી કરે છે કે તમારી સમક્ષતા સાથે રાખજો.

પ્રભુમાં વ્હાલાઓ પ્રભુના વિશ્વાસુ બાળકો તરીકે આપણે આપણઆ જીવનમાં દેવની સમક્ષતા આપણી સાથે રહે માટે પ્રાર્થના કરવી જોઈએ. પ્રભુને ગમતું અને તેમને મહિમા આપતું જીવન જીવવા માટે આપણા દેવની સમક્ષતા આપણી સાથે રહે માટે નિત્ય પ્રાર્થના કરવી જોઈએ.

## BIRTHDATE IN JULY

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૭ | મંદાકીનીબેન એલ. પેલમોર | ૮/૭ | જુલીયેટ એન. ક્રિસ્ટી | ૧૮/૭ | એન્જલ એ. ક્રિશ્ચિયન |
| ૧/૭ | રોશની પી. પરીખ | ૮/૭ | સિલ્વીયા એન. ક્રિશ્ચિયન | ૧૯/૭ | રાજેશ એફ. રાઠોડ |
| ૧/૭ | રીનલ સી. સોલંકી | ૮/૭ | કેરોલીન એ. ક્રિશ્ચિયન | ૨૩/૭ | રિચાર્ડ એસ. હિવાળે |
| ૨/૭ | શેરોન એન. ક્રિશ્ચિયન | ૯/૭ | રીટાબેન ડી. હેરી | ૨૫/૭ | ઈમાનુએલ એસ. ખ્રિસ્તી |
| ૨/૭ | ડૉ. મિનલ કેયુર ચૌહાણ USA | ૯/૭ | નેન્સી આર. ફ્રાન્સિસ | ૨૬/૭ | ફ્રાન્સીસ વી. ગોહિલ |
| ૩/૭ | મીશેલ ડી. મેકવાન USA | ૧૧/૭ | મહીમા એ. પેટ્રીક | ૨૬/૭ | મટીલ્ડા જી. મેકવાન |
| ૩/૭ | એરોન એન્થની ઈમાનુએલ | ૧૨/૭ | પ્રતિભા આર. મહિડા | ૨૭/૭ | ચિરાગ એસ. ચૌહાણ USA |
| ૪/૭ | સિપ્રાહ એ. પેલમોર | ૧૪/૭ | ફેનીલ એ. મહિડા | ૨૭/૭ | માગ્રેટબેન એસ. ઈમાનુએલ |
| ૪/૭ | આશ્રા એ. સોલોમન | ૧૫/૭ | સ્વીટી એન. પરીખ | ૨૯/૭ | શેરીલ આર. ક્રિશ્ચિયન |
| ૭/૭ | જેમ્સ વી. મેકવાન | ૧૫/૭ | રીયોના પી. ક્રિશ્ચિયન | ૨૯/૭ | સ્ટેસી જીમી ડેવિડ |
| ૭/૭ | રિયોના ડી. હેરી | ૧૬/૭ | કૃણાલ આર. મહીડા | ૨૯/૭ | સેલ્વીયા આર. હિવાળે |
| | | ૧૭/૭ | ઉષા એમ. રાઠોડ | ૩૧/૭ | શેન પી. ક્રિશ્ચિયન |


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૨-૬-૨૩ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં શુક્રવારની પ્રાર્થના સંગત ચલાવી.
- તા. ૪-૬-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. પાળકનો લગ્ન દિવસ હોવાથી ચર્ચ તરફથી બુકે આપી લગ્નદિવસની શુભેચ્છા આપવામાં આવી. પાળક કુટુંબ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનિક મહિલા મંડળ દ્વારા યહોશુઆ પુસ્તક આધારિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી હતી.
  શ્રી ઓલ્ડ્રીચ ઓ. ગામડિયાએ ખરીદી અને શરૂ કરેલ 'આમેન એમ્બ્યુલન્સ સર્વિસ'ને પ્રાર્થના દ્વારા અર્પણ કરવામાં આવી. અભિનંદન. સાંજે ૧૦-૩૦ કલાકે રાયખડ મેથોડિસ્ટ ચર્ચના સભ્ય સ્વ. વિપુલભાઈની દફનવિધિ ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબની અનઉપસ્થિતિમાં કરાવવામાં આવી હતી.
- આ ભજનસેવામાં ૨૦૨૩-૨૦૨૪ માટે નિમાયેલ પાસ્ટરેટ કમિટીને પ્રાર્થના સહ અર્પણ કરવામાં આવી હતી.
- તા. ૯-૬-૨૩ અમદાવાદ પાળક મંડળ આયોજીત પાસ્ટર્સ ફેમિલી રીટ્રીટમાં કુટુંબ સાથે અલાયન્સ ચર્ચ, મણિનગરમાં હાજરી આપી હતી. આ રીટ્રીટમાં બિશપ રાઈટ રેવ. સિલ્વાન્સ ક્રિશ્ચિયન સાહેબ, કોન્ફરન્સ ટ્રેઝરર - ડિ.સુ. રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબ અને શ્રી મધુભાઈ ક્રિશ્ચિયને વચનની સેવા આપી હતી. આ રીટ્રીટ ખૂબ જ આશીર્વાદિત રહી હતી.
  સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી હતી.
- તા. ૧૧-૬-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. શ્રી મનોજભાઈ ચૌહાણ અને શ્રીમતી ડાયનાબેન ચૌહાણ અમેરિકા જતા હોવાથી બંનેને બુકે આપી શુભેચ્છા સહ પ્રાર્થના કરાવામાં આવી હતી.
  ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી હતી.
- તા. ૧૨-૬-૨૩ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળક મિટીંગમાં મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં હાજરી કુટુંબ સાથે આપી હતી. જેમાં રેવ. જેનીફર રાણા સાહેબ આમેન મેથોડિસ્ટ ચર્ચમાંથી આણંદ ડિસ્ટ્રીક્ટમાં બદલી થયેલ તેમનીવિદાય અને તેમની જગ્યાએ આવેલ રેવ. શૈલેષ ક્રિશ્ચિયન સાહેબનો આવકાર કરવામાં આવ્યો હતો. આ સાથે જનરલ કોન્ફરન્સમાં ચૂંટાયેલ પાળક પ્રતિનિધિ ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબ અને રેવ. સુરેશ મેકવાન તથા લે પ્રતિનિધિમાં શ્રી આલાપભાઈ માસ્ટર અને વિલ્યમભાઈ ક્રિશ્ચિયને શુભેચ્છા આપવામાં આવી હતી. બુકે આપવામાં આવ્યા હતા. અભિનંદન. આ સંગતમાં ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબે વચન આપ્યું હતું.
- તા. ૧૬-૬-૨૩ શુક્રવારની સાંજની પ્રાર્થના સંગત ચલાવવામાં આવી હતી.
- તા. ૧૮-૬-૨૩ રવિવારની ભજનસેવામાં ફાધર્સ ડે ની ઉજવણી સ્થાનિક લે-પ્રવૃત્તિ સમિતિ પ્રમુખ શ્રી એન્થનીભાઈ ઈમાનુએલ અને સભ્યો દ્વારા કરવામાં આવી. શ્રી લિનિયસભાઈ પેલમોરે સંચાલન કર્યું. કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચના સભ્ય શ્રી ઈમેન્યુઅલ ક્રિશ્ચિયને વચનની સેવા આપી. બાળકોએ પિતાઓને ગુલાબનું ફુલ આપી સન્માન કર્યું. ચર્ચ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૨૩-૬-૨૩ શુક્રવારે સાંજે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવી.
- તા. ૨૫-૬-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. ભજનસેવા બાદ સ્થાનિક મહિલા મંડળ મણિપુર માટે ખાસ પ્રાર્થના માટે મળ્યા. જેમાં પાળક તરીકે શરૂઆતની પ્રાર્થના કરાવી. ભજનસેવા બાદ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ સન્ડેસ્કૂલ બોર્ડની મિટીંગમાં સ્થાનિક સન્ડે સ્કુલ સુપ્રિટેન્ડેન્ટ અને શિક્ષકો સાથે હાજરી આપી. બોર્ડ મિટીંગ બાદ ડિસ્ટ્રીક્ટની પ્લાનીંગ મિટીંગમાં સ્થાનિક ચર્ચના સેક્રેટરી, ટ્રેઝરર અને લે-લીડર સાથે હાજરી આપી. ઉપરોક્ત બંને મિટીંગ મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં રાખવામાં આવી હતી.

### પ્રાર્થના

● તા. ૧૭ થી ૨૩ જુલાઈ બેંગ્લોર મુકામે ભરાનાર જનરલ કોન્ફરન્સ માટે પ્રાર્થના કરશો. ● તા. ૨૮-૬-૨૩ના રોજ રેવ. ફિલિપ જી. મેકવાન સાહેબે પ્રભુના મહિમામાં પ્રવેશ કર્યો છે. દુઃખી પરિવાર સ્ટેલાબેન અને બાળકો માટે પ્રાર્થના કરશો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | એ.ફંડ | ૧૫૦૦ |
| ૩. | કુ. મેરેલીન આઈ. ખ્રિસ્તી | બર્થડે | ૫૦૦ |
| ૪. | સ્વ. અનિલભાઈ જે. ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | એ.ફંડ | ૧૦૦૦ |
| ૬. | શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | એ.ફંડ | ૩૦૦ |
| ૭. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | એ.ફંડ | ૩૦૦ |
| ૮. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૯. | એરિક એન. ચૌહાણ | સન્ડેસ્કૂલ | ૫૦૦ |
| ૧૦. | એસ્લીન એન. ચૌહાણ | સન્ડેસ્કૂલ | ૫૦૦ |
| ૧૧. | કુ. રીનીશા પી. ક્રિશ્ચિયન<br>બી.કોમમાં ૮૫% સામે ઉત્તિર્ણ થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૨. | કુ. સિલિયાબેન એસ. મેકવાન | બર્થડે | ૧૦૦૦ |
| ૧૩. | કુ. એનેશા ડી. હેરી<br>નીટ પરીક્ષામાં ૬૮% થી ઉત્તિર્ણ થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૪. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ<br>જેસન ધો. ૧૨ માં ૭૦% થી ઉત્તિર્ણ થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૫. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ | બર્થડે | ૨૫૦ |
| ૧૬. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ | આ.સ્તુ. | ૨૫૦ |
| ૧૭. | યશ એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦ |
| ૧૮. | શ્રીમતી સારાહબેન એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ<br>જેક ને બેચરલ ઓફ ડિઝાઈનમાં પ્રવેશ મળવાથી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૦. | શ્રી ઓનિલ એ. પેટ્રિક | બર્થડે | ૨૦૦ |
| ૨૧. | રેવ. અરવિંદ આર, ખ્રિસ્તી | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી/શ્રીમતી રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | લ.દિવસ | ૫૦૦ |

### જાહેરાતો

● તા. ૩૧-૭-૨૩ સુધી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે અરજી કરશો. ● તા. ૧૫-૮-૨૩ના રોજ થનાર વિદ્યાર્થી સન્માન સમારંભ માટે જે તે અંતિમ પરીક્ષા ૬૦% થી ઉત્તિર્ણ થયેલ તેઓ માર્કશીટ તા. ૩૧-૭-૨૩ સુધી આપશો. ● સ્થાનિક ચર્ચ તરફથી જે તે અંતિમ પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ માટે આપની માર્કશીટ ઝેરોક્ષ તા. ૩૧-૭-૨૩ સુધી આપશો. ● સપ્ટેમ્બરના પ્રથમ રવિવારે ન્યાયાધીશોના પુસ્તક આધારિત લેખિત બાઈબલ ક્વીઝ થશે. ● સ્થાનિક ચર્ચના સુવર્ણ મહોત્સવ પ્રસંગે સોવેનિયરમાં જાહેરાત-શુભેચ્છા આપી - અપાવી સહકાર આપશો. ● દર રવિવારની ભજનસેવા અને શુક્રવારની પ્રાર્થના સંગતમાં હાજરી આપશો. ● ચર્ચના સેવાકાર્યો માટે પ્રાર્થના કરશો.

**અભિનંદન - આભાર :**

● જે વિદ્યાર્થી ભાઈ-બહેનો પાસ થયેલ છે તે સર્વને ખૂબ અભિનંદન. આપનો આગામી અભ્યાસ આશીર્વાદિત થાઓ. ● સ્થાનિક ચર્ચ તરફથી ચર્ચના સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ફુલ સ્કેપ નોટબુક એક એક ડઝન આપવામાં આવેલ છે. ચર્ચ પાસ્ટોરેટ કમિટીનો આભાર.

### નાણાંકીય અહેવાલ મે-૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૫-૨૩ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૨૧,૫૭૩.૮૮ |
| | બેંકમાં | ૨,૨૬,૨૫૫.૫૯ |
| મે-૨૩માં થયેલ | આવક | ૧,૨૨,૨૪૮.૦૦ |
| | કુલ | ૪,૭૦,૦૭૭.૪૭ |
| તા. ૩૧-૦૫-૨૩ની બંધ સિલક | રોકડ | ૨૭,૨૬૧.૮૮ |
| | બેંક | ૩,૮૩,૧૯૪.૫૯ |
| મે-૨૩માં થયેલ | જાવક | ૫૯,૬૨૧.૦૦ |
| | કુલ | ૪,૭૦,૦૭૭.૪૭ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**